કલ્યાણ સારી જનતાતણું હો, પાળો પૃથ્વી ન્યાયથી રાજ્યકર્તા, સૌ જીવોનું શુભ નિત્ય વર્તો, સુખી સદા લોક સમસ્ત થાઓ !

| નવા કેસ | |
|---|---|
| રાજ્ય | ૧૦૭૩ |
| અમદાવાદ | ૧૬૧ |
| ગાંધીનગર | ૨૯ |

પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૫) અંક નં. ૧૪૮ ૬ ઓગસ્ટ, ૨૦૨૦, ગુરૂવાર; શ્રાવણ વદ - ૩ પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

# અયોધ્યામાં આરંભાયો દેશનો નવો અધ્યાય

**પાંચસો વર્ષની આતુરતા બાદ રામલલ્લાના રામમંદિરના શિલાન્યાસની ઐતિહાસિક ઘટનાની તસવીરી ઝલક**











# રામ મંદિર ભારતની આધુનિક સંસ્કૃતિનું પ્રતિક બનશે : મોદી

## અયોધ્યામાં પ્રધાનમંત્રીએ રામમંદિરનું ભૂમિપૂજન કર્યું : ભૂમિપૂજન બાદ પ્રધાનમંત્રીએ સભાને સંબોધન કર્યુ સમગ્ર અયોધ્યા રામમય બન્યુ : મર્યાદિત આમંત્રિતોની હાજરીમાં ભૂમિપૂજનનો કાર્યક્રમ સંપન્ન થયો

અયોધ્યા, તા. ૫

રામમંદિરના ભૂમિપૂજન માટે પહોંચેલા પ્રધાનમંત્રી મોદીએ રામ મંદિરને દેશની સંસ્કૃતિકનું આધુનિક પ્રતિક ગણાવ્યું હતું. જય સિયારામના જયઘોષ સાથે પ્રધાનમંત્રી મોદીએ પોતાના ભાષણની શરુઆત કરી હતી. તેમણે જણાવ્યું હતું કે આ પવિત્ર પ્રસંગની દેશવાસીઓ અને રોમાંચિત છે, દરેકના મન દીપમય છે, આખું ભારત આજે ભાવુક છે.

સદીઓનો ઈંતેજાર આજે સમાપ્ત થઈ રહ્યો છે તેમ જણાવતા પ્રધાનમંત્રીએ કહ્યું હત્ કે, કરોડો લોકોને આજે તે વાતનો વિશ્વાસ નહીં થઈ રહ્યો હોય કે તેઓ પોતાના જીવતેજીવ આ પાવન અવસરના સાક્ષી બની રહ્યા છે. વર્ષોથી તંબૂ નીચે રહેલા રામલલ્લા



વિશ્વમાં ફેલાયેલા રામભક્તોને હું કોટી-કોટી વંદન કરું છું. રામમંદિર જન્મભૂમિ તીર્થક્ષેત્ર ટ્રસ્ટનો પ્રધાનમંત્રીએ પોતાને આ ઐતિહાસિક ઘડીના સાક્ષી બનવાનો અવસર પ્રદાન કરવા બદલ આભાર પણ વ્યક્ત કર્યો હતો. તેમણે જણાવ્યું હતું કે આજે સમગ્ર દેશ રામમય છે, આખો દેશ માટે હવે એક ભવ્ય મંદિરનું નિર્માણ થશે. તૂટવું અને ફરી ઉઠવું સદીઓથી ચાલી રહેલો ક્રમ છે, જેનાથી રામજન્મભૂમિ આજે મુક્ત થઈ છે, તેમ પણ પ્રધાનમંત્રીએ જણાવ્યું હતું.

પ્રધાનમંત્રીએ કહ્યું હતું કે, દેશની આઝાદીની લડાઈમાં અનેક પેઢીઓએ પોતાનું સર્વસ્વ હોમી દીધું હતું. ૧૫ ઓગસ્ટનો દિવસ તે લાખો બલિદાન અને તપનું પ્રતિક છે. તેવી જ રીતે, રામ મંદિર માટે અનેક સદીઓ સુધી અનેક પેઢીઓએ અખંડ અને અવિરત પ્રયાસો કર્યા. આજનો દિવસ તે જ તપ, ત્યાગ અને સંકલ્પનું પ્રતિક છે. રામમંદિર આંદોલનમાં અર્પણ અને તર્પણ બંને હતા. તેમાં સંઘર્ષ પણ હતો, સંકલ્પ પણ હતો. જેમના ત્યાગ, બલિદાન અને સંઘર્ષથી આ સ્વપ્ન સાકાર થઈ રહ્યું છે, જેમની તપસ્યા રામમંદિરમાં પાયાની માફક જોડાયેલી છે, તે તમામ લોકોને હું ૧૩૦ દેશવાસીઓ તરફથી શિશ ઝૂકાવી નમન કરું છું.

'રામ આપણા મનમાં ઘડાયેલા છે, આપણી ભીતરમાં ભળી ગયા છે. કોઈ કામ કરવું હોય તો પ્રેરણા માટે આપણે ભગવાન રામ તરફ જ જોઈએ છીએ. ઈમારતો નષ્ટ થઈ ગઈ, શું-શું નથી થયું? અસ્તિત્વ





મિટાવવાના દરેક પ્રયાસ થયા, પરંતુ રામ આજે પણ આપણા મનમાં વસેલા છે, આપણી સંસ્કૃતિનો આધાર છે, શ્રીરામ ભારતની મર્યાદા છે. આ જ આલોકમાં અયોધ્યામાં રામજન્મભૂમિ પર શ્રીરામના આ ભવ્ય, દિવ્ય મંદિર માટે ભૂમિપૂજન થયું છે. હનુમાનજીના આશિર્વાદથી આ કાર્ય શરુ થયું છે, અને આ મંદિર આપણી સંસ્કૃતિનું આધુનિક પ્રતિક બનશે, તેમ પણ પ્રધાનમંત્રી મોદીએ કહ્યું હતું.

આ મંદિરથી આ ક્ષેત્રનું સમગ્ર અર્થતંત્ર બદલાઈ જશે તેમ જણાવતા પ્રધાનમંત્રીએ કહ્યું હતું કે, અહીં દરેક ક્ષેત્રમાં નવા અવસર ઊભા થશે, અને તકો વધશે. આખી દુનિયાથી લોકો અહીં આવશે.

● અનુસંધાન પાન-૭ પર

### વડાપ્રધાન મોદીએ એક સાથે ત્રણ રેકૉર્ડ બનાવ્યા

વડાપ્રધાન મોદીએ એક સાથે ત્રણ રેકૉર્ડ બનાવ્યા. તેઓ શ્રીરામ જન્મભૂમિ જનારા પહેલા વડાપ્રધાન બન્યા. આ દેશમાં પહેલીવાર છે જ્યારે વડાપ્રધાને અયોધ્યાની હનુમાનગઢીના દર્શન કર્યા. આ સાથે જ દેશની સાંસ્કૃતિક ધરોહરના સંરક્ષણના પ્રતીક કોઈ મંદિરના શુભારંભ કાર્યક્રમમાં ભાગ લેનારા પહેલા વડાપ્રધાન તરીકે પણ નરેન્દ્ર મોદીનું નામ નોંધાઈ ગયું. આ પહેલા વડાપ્રધાન નરેન્દ્ર મોદી ૨૮ વર્ષ પહેલા ૧૯૯૨માં પહેલીવાર અયોધ્યા પહોંચ્યા હતા. ત્યારે તેઓ બીજેપીના તત્કાલીન અધ્યક્ષ ડૉ. મુરલી મનોહર જોશીના નેતૃત્વમાં નીકળેલી તિરંગા યાત્રામાં તેમને સહયોગી તરીકે અયોધ્યા પહોંચ્યા હતા.

### પુરોહિતે વડાપ્રધાન મોદી પાસેથી સંકલ્પની દક્ષિણા શું માગ્યુ?

વડાપ્રધાન નરેન્દ્ર મોદીના હસ્તે રામમંદિરનો શિલાન્યાસ કર્યા પછી, પૂજન દરમિયાન, પુરોહિતે કહ્યું, 'કોઈપણ યજ્ઞમાં દક્ષિણાનું મહત્વ છે. આજે દક્ષિણામાં એટલું બધું અપાયું છે કે આજે અબજો આશિર્વાદ પ્રાપ્ત થઈ રહ્યા છે. ભારત તો આપણો જ છે, તેના કરતા વધારે આપો. કેટલીક સમસ્યાઓ છે, અમે તે સમસ્યાઓ દૂર કરવાનો સંકલ્પ કર્યો છે, જો ૫ ઓગસ્ટે બીજું કંઈ ઉમેરવામાં આવે તો ભગવાનની કૃપા થશે.



### અયોધ્યામાં રામમંદિરનો સંકલ્પ પૂરો થયો, હવે આપણા મનમાં મંદિર બનાવોઃ ભાગવત

અયોધ્યામાં સંઘ સુપ્રીમો મોહન ભાગવતે કહ્યું હતું કે, આજે આનંદની ક્ષણ છે, એક પ્રતિજ્ઞા લેવામાં આવી હતી. ત્યારે સંઘ પ્રમુખ દેવવ્રત જીએ કહ્યું હતું કે ૨૦-૩૦ વર્ષ કામ કરવાનું રહેશે, તો પછી આ કામ કરવું પડશે. આજે, ૩૦ વર્ષના પ્રારંભમાં કામ શરૂ થયું છે. રોગચાળાને લીધે ઘણા લોકો આવી શક્યા ન હતા, લાલકૃષ્ણ અડવાણી જી પણ આવી શક્યા નથી. દેશમાં હવે સ્વાવલંબન તરફનું કામ ચાલી રહ્યું છે, મહામારીપછી, આખું વિશ્વ નવા માર્ગો શોધી રહ્યું છે, મંદિર બનશે તેમ, રામની અયોધ્યા પણ બનાવવી જોઈએ. જે મંદિર આપણા મનમાં બાંધવું જોઈએ અને કપટ છોડી દેવું જોઈએ.



### પાંચ સદીઓ બાદ કરોડો ભારતીયોનો સંકલ્પ પૂર્ણ થયોઃ યોગી આદિત્યનાથ

યુપીના સીએમ યોગી આદિત્યનાથે કહ્યું કે પાંચ સદીઓ બાદ આજે ૧૩૫ કરોડ ભારતીયોનો સંકલ્પ પૂરો થઈ રહ્યો છે. દેશમાં લોકશાહી પદ્ધતિઓથી મંદિરનું નિર્માણ કરવામાં આવી રહ્યું છે.

આ ઘટનાની પ્રતિક્ષામાં અનેક પેઢીઓ પસાર થઈ ગઈ છે. સીએમ યોગીએ કહ્યું કે, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની સમજ અને પ્રયત્નોને કારણે આજે સંકલ્પ પૂરો થઈ રહ્યો છે. અમે ત્રણ વર્ષ પહેલા અયોધ્યામાં દીપોત્સવનો કાર્યક્રમ શરૂ કર્યો હતો, આજે તે સાબિત થઈ રહ્યો છે. યુપીના સીએમએ કહ્યું કે રામાયણ સર્કિટનું કામ સરકાર વતી શરૂ કરવામાં આવ્યું હતું, સાથે જ અયોધ્યામાં પણ વિકાસ કામ ચાલી રહ્યું છે.



# અયોધ્યામાં ૨૦૨૪ પહેલાં ભવ્ય રામમંદિર બની જશે

અયોધ્યા,તા.૫

વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા અયોધ્યામાં ભૂમિપુજનની સાથે જ રામ મંદિર નિર્માણનું કાર્ય ઝડપથી શરૂ થઈ જશે. તેમ છતાં દરેક લોકોના મનમાં એક જ સવાલ છે કે ભવ્ય રામ મંદિર ક્યાં સુધી બનીને તૈયાર થઈ જશે અને શ્રદ્ધાળુઓને રામલલાના દર્શન કરવાનો મોકો ક્યારે મળશે? એવામાં શ્રીરામ જન્મભૂમિ તીર્થ ટ્રસ્ટે રામ મંદિર બનવાનો એક સમય નક્કી કર્યો છે અને ૨૦૨૪ પહેલા અયોધ્યામાં ભવ્ય રામ મંદિર બનીને તૈયાર થઈ જશે.

શ્રીરામ જન્મભૂમિ તીર્થ ટ્રસ્ટે અયોધ્યામાં મંદિર નિર્માણ માટે સાડા ત્રણ વર્ષમાં કોઈ પણ કાળે બનાવવાનો ટાર્ગેટ રાખ્યો છે. ટ્રસ્ટે મંદિર નિર્માણ માટે લાર્સન એન્ડ ટૂબ્રો કંપનીને કામ સોંપવામાં આવ્યું છે. જો કે, ટ્રસ્ટે મંદિર નિર્માણ માટે ૩૨ મહીનાની અંદરનો સમય આપી રાખ્યો છે જેથી જો થોડું ઘણું કામ રહી જાય તો તે સમયમાં પુરું કરી શકાય છે.

રામમંદિર નિર્માણ માટે ટ્રસ્ટે ભૂમિપુજન પછીના સાડા ત્રણ વર્ષનો લક્ષ્ય રાખ્યો છે. શરૂઆતી દોઢ વર્ષમાં મંદિરના ભૂમિ તળ પર નિર્માણ કાર્ય પુરું કરવાનો સમય નક્કી કર્યો છે. ત્યારબાદ આગામી બે વર્ષોમાં ઉપરી ભાગો પર નિર્માણ કાર્યને પુરું કરવાનો ટાર્ગેટ રાખ્યો છે. આ રીતે સાડા ત્રણ વર્ષમાં મંદિરના શિખર સુધીનું કામ પુરું કરી લેવાનું છે.

જો કે, દેશભરમાં જે સ્થળો પર શિલાપુજન થયું છે, તે તમામ શિલાઓનો ઉપયોગ રામ મંદિરના નિર્માણમાં કરવામાં આવશે. એટલું જ નહીં, અયોધ્યાના કારસેવક પુરમમાં બનાવવામાં આવેલી કાર્યશાળામાં જે પથ્થરોને પારખીને અલગ રાખવામાં આવ્યા છે, તેનો પણ ઉપયોગ રામ મંદિરના નિર્માણમાં થશે. આ શિલાઓ અને પથ્થરો સિવાય પણ અયોધ્યાના કારસેવક પુરમમાં હજારો હજારની સંખ્યામાં ઈંટો પણ રાખેલી છે, જેમાં દેશના અલગ અલગ ભાગોમાંથી આવેલા શ્રદ્ધાળુઓએ પોતાની શ્રદ્ધાના રૂપમાં અહીં ઈંટ રાખી છે. અયોધ્યાના કારસેવક પુરમમાં જે ઈંટ રાખેલી છે તે તમામ ઈંટોનો ઉપયોગ પણ રામ મંદિરના નિર્માણમાં કરવામાં આવશે.